# Fun with Family

Day-32 | 30 April, 2020



## "FWF Song"

સુનો આજકી તાજા ખબર,
ભાઈ સુનો આજકી તાજા ખબર,
જો આનંદ-આનંદ કરના હો અગર,
તો Fun With Family આયા ઘર ઘર,
ધ્યાન મત દો ઈધર ઉધર,
Fun With Family હૈ સુપર-ડુપર...



## ''મારા ઘનશ્યામ''



બાળમિત્રો, આજે ઘનશ્યામ મહારાજના ચરિત્રોની સ્મૃતિ સાથે છપૈયા ગામના દર્શન કરીશું... લીંક દબાવો અને પરિવાર સાથે દર્શન કરો...

https://bit.ly/2KMyALM

## ''સિક્કાનો ટાવર''

ચાલો, તૈયાર થઈ જાઓ...
થોડી મસ્તી કરીએ...
લીંક દબાવો અને રમત રમો...

https://bit.ly/3aLazzj





## ''એ શું લખ્યું??''



હવે પરિવારના સભ્યો એકબીજાને કેટલું સમજી શકે છે તે જોવાનું છે... દરેક સભ્યો વારાફરતી એકબીજાની પીઠ પર કંઈક શબ્દો લખશે... જે શબ્દને તે સભ્યએ ઓળખી બતાવવાના છે... યાદ રાખજો... ફક્ત આંગળીથી લખવાનું છે, બોલવાનું નથી. દા.ત. સિંહ, ૧૦૦, પપ્પા, મમ્મી, બાપા, વગેરે...

## ''મમરા પર મંત્ર''

બાળમિત્રો, હવે ૨૧ મમરાના અથવા ચોખાના દાણા લઈ તેના પર 'સ્વામિનારાયણ' મંત્રનું લેખન કરીશું... મમ્મી/પપ્પાની મદદ લઈ... 'સ્વામિનારાયણ...' મંત્રનું ભજન કરતાં કરતાં લેખન કરીશું... ત્યારબાદ તે મમરા ઠાકોરજીને અર્પણ કરીશું...








## "Time For QUIZ"

- https://bit.ly/2YhHGZa | Guj.
- https://bit.ly/2KGsEE8 | Hin.
- https://bit.ly/2KG1v4l | Eng.



## "Mr. Joker"

હવે આપણે "Joker" બનવાનું છે...
અટપટા કપડા પહેરી, રમૂજી ટોપી પહેરી,
મોઢા પર રંગ કરી "Joker" બનીએ...
અને ઘરમાં સભ્યોને હસાવીએ...
Joker ની વેશભૂષા જાણવા લીંક દબાવો...

https://bit.ly/2KGVbcR



## "હસતો-રમતો પરિવાર"



હવે, આખો પરિવાર
કુંડાળે બેસશે અને દરેક
સભ્ય રમૂજી પ્રસંગો અને
જોક્સ કહી બધાને હસાવશે...
બાળમિત્રો, તમે પણ
જોકરનો વેશ ભજવી
બધાને હસાવજો...

## "અષ્ટક QUIZ"

ક્યા બાળમિત્રોને અષ્ટક આવડે છે ??...
તે હવે ખબર પડી જશે...
લીંક દબાવો અને 'અષ્ટક QUIZ' માં
ભાગ લો...

https://bit.ly/2KMixO0



## "Thank You"



બાળમિત્રો, આ કોરોનાની બિમારીમાં બધાનું ધ્યાન રાખવા માટે આપણા દેશના ડૉક્ટરોએ ખૂબ જ મહેનત કરી છે... અને તે પણ જીવના જોખમે... માટે આજે તેમના માટે એક 'Thank You' કાર્ડ તૈયાર કરીશું... અને લોકડાઉન પત્યા બાદ તે ડૉક્ટરને મળીને તેમને કાર્ડ આપીશું...

## "ગુણ પેટી"




તો તૈયાર થઈ જાઓ
ગુણ લેખન કરવા માટે...
આજે આપણે આપણા
શિખરબદ્ધ મંદિરમાં રહેતા
પૂજ્ય સંતોના ગુણો
લખવાના છે... પણ હા...
ચિઠ્ઠીમાં ગુણ લખીને ચિઠ્ઠી
ગુણપેટીમાં જ મૂકીશું...
અને રાત્રે પરિવારના
સભ્યોને પણ તે ગુણ કહીશું...

## "સાણસીની પકડ"

હજુ એક ધમાકેદાર રમત હાજર છે... જલદી લીંક દબાવો અને રમત રમો...



https://bit.ly/3c0IQwd

## "ગજબનું સંગીતવાદ્ય"

બાળમિત્રો, હવે 'જલતરંગ' નામનું એક ગજબનું સંગીતવાદ્ય બનાવીએ... સરળતાથી આપણે આજે ખૂબ જ મોટા સંગીતકાર બની જઈશું... લીંક દબાવી તે વાદ્ય બનાવતા શીખો...



https://bit.ly/2VMA6DV

## "BAPS STAR"



એક એવા હોંશિયાર બાળમિત્ર હાજર છે... જેમણે ખૂબ જ થોડા દિવસોમાં સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કરી લીધો છે... તેમણે એવું તે શું કર્યું ???... જાણવા માટે લીંક દબાવો...

https://bit.ly/35rLZ5L

# “My Guru, My Life”

આપણે સ્વામીશ્રીના સિંહસંતાનો છીએ... આ વાતને દૃઢ કરવા આજે
આપણે એક કાગળ/પૂઠામાંથી સિંહનું મોઢું બનાવીશું... અને તે
પહેરી ફોટો પડાવી તેમાં લખીશું... ‘હું છું સ્વામીશ્રીનો સિંહસંતાન’...
અને તે ફોટો અમને મોકલવાનું ભૂલશો નહિ...
લીંક દબાવો અને સિંહનું મોઢું બનાવતા શીખો...




https://bit.ly/2KLU8Z6





# બકાસુરનો વધ

## Story Time




૧

પાંડવો એકચક્રા નગરીમાં એક ગરીબ બ્રાહ્મણના ઘરમાં ગુપ્તવેશે રહેતા હતા. અહીં પાંચેય ભાઈઓ ભિક્ષા માંગીને પોતાનું જીવન ગુજારતા હતા.

આ એકચક્રા નગરીમાં બકાસુર નામનો રાક્ષસ રહેતો હતો. તે રોજ એક મનુષ્યને ખાઈ જતો. તેથી ગામમાંથી રોજ એક માણસ તેના ભોજન માટે મોકલવામાં આવતો.

૨





૩

થોડા દિવસ બાદ જે ઘરમાં પાંડવો રહેતા હતા, તે ઘરના સભ્યનો વારો બકાસુરના ભોજન તરીકે આવ્યો. ગરીબ બ્રાહ્મણ અને તેનાં પત્ની તથા બાળકો રડવા લાગ્યાં.

આ વાતની ખબર પાંડવોનાં માતા કુંતીને પડી. માતા કુંતીએ આ વાત પોતાના પુત્રોને કરી. પછી બકાસુર રાક્ષસને મજા ચખાડવા ભીમને જવા જણાવ્યું.

૪




બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.



૧

માતાની આજ્ઞા મળતાં ભીમ ભોજન કરી, બકાસુર પાસે જવા નીકળ્યો. સો હાથીઓ જેટલું બળ ધરાવતો ભીમ ડોલતો-ડોલતો બકાસુર જ્યાં રહેતો હતો ત્યાં જઈ પહોંચ્યો.




૨

બકાસુર ક્યારનોય ભોજનની રાહ જોઈ રહ્યો હતો. મહાકાય ભીમને આવતો જોઈ તેના મોંમાં પાણી આવી ગયું. પણ મોડું થવાથી તે ભીમને અપમાનજનક શબ્દો બોલવા લાગ્યો.



૩

મહાબળવાન ભીમે તો બકાસુરને એક હાથથી ઊંચકી ક્યાંય ફંગોળી દીધો ! બકાસુરનાં તો હાડકાં જ ભાંગી ગયાં. પછી તો શૂરવીરતાપૂર્વક લડી ભીમે બકાસુરના રામ રમાડી દીધા.



૪


બકાસુરનો વધ કરીને ભીમ ઘરે આવ્યો. બકાસુર મરી ગયો છે, તે જાણી સૌ ખૂબ રાજી થયા. બકાસુરનો વધ કરી ભીમે સૌને તેના ત્રાસમાંથી મુક્તિ અપાવી.

બોધ : બીજાને દુઃખ દેનાર ક્યારેય સુખી થતો નથી.

**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

# What's Given is Given Back

Two women - Kanta and Kashi lived in a village on the banks of the Bhadar river. Kanta was rich and Kashi was less well off. A sant used to live on a hill near the village.




One day, the sant from the hill came into the village to ask for donations.

Kanta had much but still she just gave the Rishi a torn up sari, a ripped blanket and a stale rotlo.

Kashi had much less. But she gave the best she had - a nice sari, a warm blanket and hot, fresh rotlo.




**Friends, today you have to prepare this story and present it to the parents.**




That same evening, the river flooded. Kanta and Kashi were forced to run from their homes to hills. They had nothing.

Both of them made their way to that sant's ashram and cried to him. "We have lost everything!"

The sant replied, "You have not lost everything; a few things have been saved."







Saying so, the sant brought out the things he had collected that morning. He gave back to each of them what they had donated. And since we know who gave what, we also know who got what.

Moral: We should always give the best we can. What we give always comes back to us.

**Remember, you have to perform this story in front of Mom and Dad.**






























Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...
"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

https://bit.ly/3d2b49Y





# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

BAPS
**પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.**
**પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ**